**અમદાવાદ (ગ્રામ્ય) ના ૯માં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. 2573/2024

આંક:–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : **દિલીપભાઇ થોભણભાઇ રબારી**

**ગુનો : ઇ.પી.કો.કલમ ૨૮૩ મુજબ**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ **ઇ.પી.કો.કલમ ૨૮૩ મુજબ** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી બાદમાં પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–:: હુકમ::–**

સદર કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે **ઇ.પી.કો.કલમ ૨૮૩ મુજબ** ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **ઇ.પી.કો.કલમ ૨૮૩ મુજબ**, મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૦૦/–** પુરા (અંકે રૂપિયા એક સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન–ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૦૯ મી માહે, માર્ચ ૨૦૨૪ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૩/૨૦૨૪
અમદાવાદ (ગ્રામ્ય)

( કે.એન.નિમાવત )
૯માં એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા
જીજે૦૧૫૭૬